# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૧૩/૩/૨૦૨૦

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ચેમ્બરમાં 'સર્ચ, સીઝર અને ઇ–વે બીલ પ્રોવિઝન્સ' વિષય ઉપર મહત્વનું સેશન યોજાયુ

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શુક્રવારે, ૧૩મી માર્ચ ૨૦૨૦ના રોજ સવારે ૯:૩૦ કલાકે સમૃદ્ધિ બિલ્ડીગ, નાનપુરા, સુરત ખાતે 'સર્ચ, સીઝર અને ઇ–વે બીલ પ્રોવિઝન્સ'ના એનાલિસિસ અને ડિસ્કશન માટે સેશનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિષ્ણાંત વકતા તરીકે ગુજરાત હાઇકોર્ટના એડવોકેટ શ્રી ઉચિત શેઠ દ્વારા હાઇકોર્ટના કેટલાક મહત્વના જજમેન્ટને ટાંકીને જીએસટી કાયદાની કલમ ૧૨૯ અને ૧૩૦ હેઠળની કાર્યવાહી તેમજ સર્ચ દરમિયાન સીઝર અને ધરપકડ માટે કાયદાની જોગવાઇ વિશે મહત્વનું માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.

ચેમ્બરના રિપ્રેઝન્ટેશન સેલના હેડ શ્રી હેમંત દેસાઇએ સેશનમાં સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્‌બોધન કર્યુ હતુ. ચેમ્બરની જીએસટી કમિટીના ચેરમેન શ્રી પ્રશાંત શાહે કાર્યક્રમની રૂપરેખા આપી હતી.

શ્રી ઉચિત શેઠે જીએસટી કાયદાની સમજણ આપતા જણાવ્યુ હતુ કે, જીએસટીનો કાયદો એટલે માલની સપ્લાય અને તેનુ વેચાણ થાય તો તેના પર વેરો લગાવવાનો કાયદો છે. સરકાર પાસે કર લેવાની સત્તા છે સાથે જ કરની ચોરી ન થાય તેનું પણ ઘ્યાન રાખવામાં આવે છે. જીએસટી કાયદામાં કલમ ૧૨૯ અને ૧૩૦ મુજબ બે જોગવાઇને કારણે વેપારીઓને ઘણી વખત મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. માલની સપ્લાયમાં કાયદાનું ઉલ્લંઘન થાય તો

અધિકારી માલ ડિટેન કરી કલમ ૧૨૯ મુજબ ટેક્ષ તથા પેનલ્ટી લઇને માલ છોડી દે છે. જગ્યા પર ટેક્ષ અને પેનલ્ટી નહી ભરી શકાય તો બેંક ગેરંટી અને બોન્ડ લઇને પણ માલ છોડી દેવાનો હોય છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, વેપારી સાચો હોય અને તેને લડત આપવી હોય તો નોટીસ મળ્યા બાદ પણ ટેક્ષ અને પેનલ્ટી ભરવી નહી અને ઓર્ડરની રાહ જોવી. સાથે જ ડીઆરસી ૦૩ પણ સ્વીકારવી ન જોઇએ. ૧૪ દિવસમાં વેપારી ટેક્ષ અને પેનલ્ટી નહી ભરે તો કલમ ૧૩૦ પ્રમાણે કેસ ઇનીશીએટ થઇ જાય છે અને કોન્ફીસ્કેશનના ઓર્ડરની સાથે માલની માલિકી સરકારની બની જાય છે. આવા કેસોમાં અંતે રીડમ્પ્શન ફાઇન ચૂકવ્યા બાદ વેપારીઓ સરકાર પાસે માલ પાછો મેળવી શકે છે પણ આ ખૂબ જ લાંબી પ્રક્રિયાનો ભાગ છે.

કેટલાક અધિકારીઓ દ્વારા કલમ ૧૨૯ને બદલે ૧૩૦ હેઠળ કાર્યવાહી કરવામાં આવતા હાઇકોર્ટમાં રીટ થઇ હતી. જેમાં સરકાર પક્ષે અને બચાવ પક્ષે ઘણી બધી દલીલોને અંતે હાઇકોર્ટ દ્વારા એવો ચૂકાદો આપવામાં આવ્યો હતો કે સ્થળ પરના અધિકારીએ બીલ અને ઇ–વે બીલ વિગેરેની ચકાસણી કરવી તેમજ ડોકયુમેન્ટ્સમાં ક્ષતિ કે માલના વેલ્યુએશનના મુદ્દે ડાયરેકટ કલમ ૧૩૦ મુજબ કાર્યવાહી કરવી નહી. ટેક્ષ અને પેનલ્ટી લઇને માલને છોડી દેવાનો રહેશે. તપાસમાં પછીથી જો ખોટુ થયાનુ પુરવાર થાય તો કોન્ફીસ્કેશન મુજબ કાર્યવાહી કરી શકાય છે.

બીલ કે ઇ–વે બીલમાં નાની–મોટી ક્ષતિઓ જણાય તો કલમ ૧૨૯ હેઠળ કાર્યવાહી કરવાને બદલે ટોકન પેનલ્ટી લઇને માલને છોડી દેવોનો રહેશે. જો વેપારી દ્વારા ખોટુ કરવામાં આવતુ હોવાનું પ્રાથમિક તબકકે જ ધ્યાનમાં આવે તો ડાયરેકટ કલમ ૧૩૦ હેઠળ કાર્યવાહી કરી શકાય છે. જેન્યુન ટ્રાન્ઝેકશન માટે હાઇકોર્ટનું આ કલીયર જજમેન્ટ છે તેમ શ્રી ઉચિત શેઠે જણાવ્યુ હતુ.

સર્ચ અને સીઝર અંગે તેમણે કહયુ કે, કલમ ૬૭ મુજબ અધિકારીઓ સર્ચ દરમિયાન બુકસ ઓફ એકાઉન્ટ્સ અને ચોપડે નહી નોધાયેલો ફિઝીકલ સ્ટોક મળી આવે તો તેને સીઝ્ડ કરી શકે છે અને ટેક્ષની ભરપાઇ માટે મિલકત ટાંચમાં લઇ શકે છે. સર્ચ પૂર્ણ થઇ જાય પછી અધિકારીઓ મિલકતને ટાંચમાં લઇ શકે નહી. સર્ચ દરમિયાન રૂપિયા રિકવર નહી કરી શકે. સર્ચ દરમિયાન ધાકધમકીને કારણે ડીઆરસી ૦૩ ભર્યુ હોય તો સર્ચ પછી વિભાગને કવરીંગ લેટર આપીને ભરેલા રૂપિયા અને ડીઆરસી ૦૩ પ્રેશરમાં આવીને ભર્યા છે તેમ કહીને લડત આપી શકાય છે. સર્ચ દરમિયાન જો કરની જવાબદારી રૂપિયા ૨ કરોડથી વધારાની બને તો એવા કેસોમાં ધરપકડ થઇ શકે છે. આના માટે પણ જુદી–જુદી હાઇકોર્ટના અલગ–અલગ ચુકાદા જોવા મળે છે.

કાર્યક્રમનું સંચાલન જીએસટી કમિટીના એડવાઇઝર સીએ કિશોરચંદ્ર ઘીવાલાએ કર્યુ હતુ. કમિટી સભ્ય શ્રી દિપેશ શાકવાલાએ પ્રાસંગિક વિધી કરી હતી. વકતાશ્રીએ પ્રોફેશનલ્સના વિવિધ સવાલોના સંતોષકારક જવાબ આપ્યા હતા. સેશનના અંતે કમિટી સભ્ય શ્રી જિગીશ મોદીએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ કાર્યક્રમનું સમાપન થયુ હતુ.